ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૮ જુલાઈ ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## ઈસણાવ ટાઉન ટોક

### -: ઈસણાવ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 725 |
| કુલ વસ્તી | 3222 |
| કુલ પુરૂષો | 1684 |
| કુલ સ્ત્રીઓ | 1538 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 77.62 |
| પુરૂષ સાક્ષરતા દર | 87.86 |
| સ્ત્રી સાક્ષરતા દર | 33.29 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 154 |
| ખેત મજૂર | 940 |
| સીમાંત વર્ગ | 097 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 128 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 227 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 2445 |
| ગાય | 820 |
| ભેંસ | 1123 |
| અન્ય | 502 |

### -: જમીન ક્ષેત્રફળ :-

441 હેક્ટર 30 આરે 12 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 01 હેક્ટર 33 આરે 55 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 03 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 555 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 743 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 789 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 03 |
| ખેતી વિષયક જોડાણ | 44 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 610 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 685 |
| BPL કાર્ડ ધારકો | 131 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 27 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 141 |
| વિધવા સહાય | 150 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 04 |



## આણંદ લોકસભા અને સોજીત્રા વિધાનસભાનું વિકસતું ગામ

# ઈસણાવ




## ઈસણાવ : આધ્યાત્મિક આસ્થા, કૃષિ સમૃદ્ધિ અને સામાજિક એકતાનું જીવંત પ્રતીક સમાન પ્રકૃતિના ખોળે વસેલું ગૌરવમય ગામ

આણંદ જિલ્લાના સોજીત્રા નજીક આવેલું ઈસણાવ ગામ એક આગવું સ્થાન ધરાવે છે. ગૌરવરૂપ ગામોમાં અગ્રેસર સ્થાન પામેલું ઈસણાવ આધ્યાત્મિક શ્રદ્ધા, કૃષિ સમૃદ્ધિ, સામાજિક એકતા અને સાંસ્કૃતિક વારસાનો જીવંત પરિચય સમાન છે.

પ્રકૃતિના હરિયાળા વાતાવરણમાં વસેલું આ ગામ રાજ્ય ધોરીમાર્ગ નં. ૮૩ (આણંદ-સોજીત્રા માર્ગ) પરથી માત્ર આશરે ૮૦૦ મીટરના અંતરે આવેલું હોવાથી સરળતાથી પહોંચી શકાય છે. ગામમાં પ્રવેશતા જ શાંતિ, સ્વચ્છતા અને ધાર્મિક વાતાવરણ મુલાકાતીઓને વિશેષ આકર્ષે છે.

ઈસણાવની આસપાસ ફેલાયેલા લીલાછમ ખેતરો, ઋતુ પ્રમાણે લહેરાતાં પાકો, વૃક્ષોની હરિયાળી અને શાંત વાતાવરણ ગામને વિશેષ સૌંદર્ય પ્રદાન કરે છે.

> રાજ્ય ધોરીમાર્ગ નં. ૮૩ (આણંદ-સોજીત્રા માર્ગ) પરથી માત્ર આશરે ૮૦૦ મીટરના અંતરે આવેલું હોવાથી સરળતાથી પહોંચી શકાય છે

અહીંનું કુદરતી વાતાવરણ ગામના લોકોને સ્વસ્થ અને શાંતિપૂર્ણ જીવન જીવવાની પ્રેરણા પણ આપે છે. સવારના સમયે પક્ષીઓનો કલરવ અને સાંજના સમયે મંદિરોમાંથી સંભળાતી આરતી ગામને આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે.ગામના લોકો સૌજન્યપૂર્ણ, વિનમ્ર અને મહેમાનનવાજ સ્વભાવ માટે જાણીતા છે. કોઈપણ સામાજિક પ્રસંગ હોય કે મુશ્કેલીનો સમય, સમગ્ર ગામ પરિવારની જેમ એક થઈને કાર્ય કરે છે.

ઈસણાવ ગામમાં હાલમાં વિવિધ સમાજ અને સમુદાયના લોકો વસવાટ કરે છે. જે મુજબ પાટીદાર, ક્ષત્રિય, પરમાર ઠાકોર વાલ્મિકી , વણકર રોહિત વગેરે જ્ઞાતિના લોકો ગામમાં રહે છે.

આ ગામની પૂર્વમાં બાંધણી, પશ્ચિમે સુણાવ, ઉત્તરે ડભોઉ અને દક્ષિણે પીપળાવ ગામ આવેલા છે. છેલ્લા ત્રણ દાયકાથી ધીરે ધીરે ગામનો વિકાસ થઈ રહયો છે. ગામ આજુબાજુના ગામો સાથે પાકા રસ્તાઓથી જોડાયેલું છે. ઈસણાવ થી થોડે દુર પીપળાવ ગામમાં શ્રી આશાપુરી માતાનું પૌરાણિક મંદિર આવેલું છે. ગામના મોટા ભાગના લોકોનો મુખ્ય ધંધો ખેતી છે. પરંતુ ખેતી માટે જમીનનું પ્રમાણ ખુબ ઓછું છે. ખેતી ઉપરાંત પશુપાલન, મહેનત મજૂરી વિગેરે વ્યવસાય કરી લોકો પોતાનું જીવન ગુજારે છે.

## ઈસણાવ ગામમાં વિવિધ દાતાઓના યોગદાનથી અનેક ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સુવિધાઓનું નિર્માણ થયું છે



આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકાનું ઈસણાવ દાતાઓની દિલેરી, વતનપ્રેમ અને સામાજિક વિકાસના અનોખા ઉદાહરણ તરીકે ઓળખાય છે. ગામના મૂળ વતની પાટીદાર સમાજના અનેક પરિવારો વર્ષોથી અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, આફ્રિકા સહિતના વિવિધ દેશોમાં સ્થાયી થયા છે. વિદેશમાં સફળ વ્યવસાય અને નોકરી દ્વારા આગવી ઓળખ ઉભી કરનાર આ એનઆરઆઈઓએ પોતાના વતન પ્રત્યેનો લગાવ ક્યારેય ઓછો થવા દીધો નથી.ઈસણાવના પાટીદાર સમાજના યુવાનોનો મોટો વર્ગ આજે વિદેશમાં વસવાટ કરી રહ્યો છે. ગામના અનેક વિસ્તારોમાં અડધાથી વધુ પરિવારોના સંતાનો પરદેશમાં અભ્યાસ, વ્યવસાય કે રોજગાર સાથે જોડાયેલા છે. તેમ છતાં તેઓ પોતાના મૂળ ગામ સાથે સતત સંકળાયેલા રહી વિકાસલક્ષી કાર્યોમાં દિલખોલીને સહયોગ આપી રહ્યા છે.

ઈસણાવ ગામમાં વિવિધ દાતાઓના યોગદાનથી અનેક ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સુવિધાઓનું નિર્માણ થયું છે. ગામના પ્રવેશદ્વારથી લઈને સમાજવાડી, જાહેર સ્થળો, બગીચાઓ અને અન્ય જાહેર સુવિધાઓ સુધી દાતાઓની ઉદારતા સ્પષ્ટપણે જોવા મળે છે. ફૂલબાઈ માતાજી મંદિર, અંબાજી માતાજી મંદિર સહિત વિવિધ દેવસ્થાનોના નિર્માણ અને જીર્ણોદ્ધાર પાછળ પણ એનઆરઆઈ દાતાઓનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે પણ ઈસણાવ ગામના દાતાઓ સતત આગળ રહ્યા છે. પ્રાથમિક શાળાઓમાં જરૂરી શૈક્ષણિક સાધનો, ફર્નિચર, સ્માર્ટ ક્લાસની સુવિધા, વિદ્યાર્થીઓ માટે ઉપયોગી શૈક્ષણિક સામગ્રી તેમજ વિવિધ વિકાસલક્ષી કાર્યો માટે સમયાંતરે આર્થિક સહાય આપવામાં આવે છે. પરિણામે ગામમાં શિક્ષણનું વાતાવરણ વધુ સુદઢ બન્યું છે. સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં પણ વિદેશવાસી વતનીઓ ઉદાર હાથે સહયોગ આપી ગામની એકતા અને સંસ્કૃતિને જીવંત રાખે છે. તેમના સહકારથી અનેક સેવાકીય અને લોકકલ્યાણના કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. વિકાસ, દાનશીલતા અને વતનપ્રેમનો અનોખો સમન્વય ધરાવતું ઈસણાવ ગામ પ્રેરણારૂપ બન્યું છે. વિદેશમાં સફળતા હાંસલ કર્યા પછી પણ પોતાના વતનના વિકાસને પ્રાથમિકતા આપતા ઈસણાવના દાતાઓની સખાવત ગામના સર્વાંગી વિકાસમાં સતત નવા અધ્યાય લખી રહી છે.

